ગુજરાતની સહકારી પ્રવૃત્તિનું મુખપત્ર

# સહકાર

દર મહિનાની પાંચમી અને વીસમીએ પ્રગટ થતું પાક્ષિક

ગુજરાત રાજ્ય સહકારી સંઘ, 'સહયોગ' રિલીફ રોડ, અમદાવાદ-380 001 • Fax No. (079) 25351360 • Phone : 25352220 • Email : sahakarguj1850@gmail.com

સંપાદક મંડળ : ઘનશ્યામભાઈ એચ. અમીન ▪ ભીખાભાઈ ઝ. પટેલ ▪ તંત્રી : ડો. રાજેન્દ્ર સી. ત્રિવેદી ▪ વર્ષ : 72 ▪ અંક : 08 ▪ તારીખ : 20, જુલાઈ, 2024 ▪ વાર્ષિક લવાજમ રૂપિયા 80.00 ▪ કિંમત રૂા. 3.00

SAHAKAR GUJARATI FORT-NIGHTLY RNI NO. 1850/57 Regd under postal Regn. No. GAMC-105/2024-2026 valid upto 31-12-2026 issued by the SSPO's, Ahmedabad city on permitted to post at and AHMD PSO on 5th and 20th of every month. License to post without prepayment of postage No. PMG/NG/026/2024-2026 valid upto 31-12-2026.

## સહકારિતાને અર્થતંત્રનો સૌથી મજબૂત સ્તંભ બનાવી વિકસિત ભારતનું નિર્માણ કરીએ : શ્રી અમિતભાઈ શાહ

ગાંધીનગર : ગાંધીનગર ખાતે 102મા આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ નિમિત્તે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ











શાહના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય કક્ષાનો "સહકાર સે સમૃદ્ધિ" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય સહકાર રાજ્ય મંત્રીશ્રી મુરલીધર મહોલ અને ગુજરાતના સહકાર રાજ્ય મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા સહિત દેશભરના સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય સહકારિતા મંત્રીએ ગુજરાત સરકારના નિર્ણયને બિરદાવતા કહ્યું હતું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સબળ નેતૃત્વ હેઠળ ગુજરાત સરકારે ખેડૂતોને નેનો યુરીયા અને નેનો ડીએપીની ખરીદી પર 50 ટકાની વિશેષ સહાય આપવા માટેનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. પારંપરિક યુરિયાના સ્થાને નેનો યુરીયા અને નેનો ડીએપી પ્રવાહીનો ઉપયોગ કરવાથી યુરિયાનો વપરાશ ઘટશે, જેથી પાક અને જમીનની ગુણવત્તા સાથે માનવ સ્વાસ્થ્યમાં પણ નોંધપાત્ર સુધારો આવશે. નેનો યુરિયાના ઉપયોગથી થતા વિવિધ ફાયદાઓ અંગે વિસ્તૃત વાત કરી તેમણે રાજ્યના દરેક ખેડૂતો નેનો યુરિયાનો ઉપયોગ કરે તે માટે પ્રયત્નો કરવા અનુરોધ કર્યો હતો.

સહકારી સંસ્થાઓ વચ્ચે સહકારિતાને પ્રોત્સાહન આપવા સહકારિતા ક્ષેત્રનો સંપૂર્ણ આર્થિક વ્યવહાર સહકારી ક્ષેત્રમાં જ કરવા કેન્દ્રીય મંત્રીએ સૌને અનુરોધ કર્યો હતો. તેમણે ગુજરાતના 2 જિલ્લાનું ઉદાહરણ આપતા કહ્યું હતું કે, "કો-ઓપરેશન ઓગ્સે કો-ઓપરેટિવ" અંતર્ગત ગુજરાતના બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લામાં પાયલટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે. માત્ર આ બે જિલ્લામાં જ રૂ. 785 કરોડની ડિપોઝિટ વધારવામાં સફળતા મળી છે. આ બંને જિલ્લામાં મળી ઝીરો ટકા વ્યાજે આશરે 23,000થી વધુ કિસાન ક્રેડિટ કાર્ડ તેમજ 3.8 લાખ ડેબીટ કાર્ડ ખેડૂત ભાઈઓ અને દૂધ ઉત્પાદન કરતી માતાઓને આપવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત સરકારે જૈવિક ઉત્પાદનો એટલે કે, ઓર્ગેનિક ફૂડને પ્રોત્સાહન આપવા નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડની સ્થાપના કરી છે. આ સંસ્થાના માધ્યમથી ઓર્ગેનિક ખેતી કરતા ખેડૂતોને ઉત્પાદન સામે યોગ્ય ભાવ મળતા થયા છે. આજે નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિ. દ્વારા પ્રથમવાર 'ભારત ઓર્ગેનિક આટા'નું લોન્ચિંગ કરવામાં આવ્યું છે. હવે ભારત ઓર્ગેનિક અને અમૂલ જેવી બે વિશ્વસનીય બ્રાંડ છે, જે સાચા અર્થમાં ઓર્ગેનિક ફૂડને પ્રોત્સાહન આપે છે. આ બંને બ્રાન્ડના ફૂડ 100 ટકા ઓર્ગેનિક છે તેની પુષ્ટિ વિશ્વની સૌથી આધુનિક તકનીકના માધ્મયથી કરવામાં આવી છે. અમૂલે પણ દિલ્હી ખાતે દેશના સૌ પ્રથમ અમૂલ ઓર્ગેનિક સ્ટોરનો શુભારંભ કર્યો છે. આગામી સમયમાં અમૂલ દેશભરમાં વધુ 100 અમૂલ ઓર્ગેનિક સ્ટોર શરૂ કરશે. શ્રી અમીતભાઈ શાહે જણાવ્યુ હતું કે, ભારત દેશમાં સહકારિતા એ કોઈ નવો વિચાર નથી. આજથી 125 વર્ષ પહેલા મહાત્મા ગાંધી, સરદાર પટેલ, ગાડગીલજી, વૈકુંઠભાઈ મહેતા, ત્રિભોવનદાસ પટેલ જેવા અનેક મહાનુભાવોએ દેશમાં સહકારિતાની શરુઆત કરી હતી. પરંતુ એક સમય આવ્યો જ્યારે સહકારિતા અંદોલન મંદ પડી ગયું, ત્યારે આઝાદીના 75 વર્ષ પછી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર પ્રવૃત્તિને ફરી વેગવાન બનાવવા અલાયદા સહકારિતા મંત્રાલયની શરૂઆત કરીને સહકારી આંદોલનને ફરી વેગ આપ્યો છે.

અનુસંધાન પાના નંબર : 3

## અમૂલની પ્રથમ ઓર્ગેનિક શોપ 'અમૂલ ઓર્ગેનિક શોપી'નો દિલ્હીમાં પ્રારંભ

આણંદ : આંતરરાષ્ટ્રીય સહકાર દિવસ નિમિત્તે કેન્દ્રના ગૃહ અને સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે દિલ્હીના મયુર વિહારમાં પ્રથમ એક્સક્લુસિવ "અમૂલ ઓર્ગેનિક શોપી"નું ઈ-ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહે ઓર્ગેનિક (જૈવિક) ખેતીને પ્રોત્સાહન આપવા અને ગ્રાહકોના સ્વાસ્થ્ય અને તંદુરસ્તી સંબધી જરૂરિયાતોને પૂરી કરતા ઓર્ગેનિક ઉત્પાદનોના ઉત્પાદન અંગે અમૂલના દૂરદર્શી નેતૃત્વની પ્રસંશા કરીને સહકારી ક્ષેત્રમાં અમૂલના યોગદાનની સરાહના કરી હતી. મહત્વનું છે કે અમૂલ ભારતની સૌથી મોટી ફૂડ બ્રાન્ડ છે, જેનું વાર્ષિક ટર્નઓવર રૂ.80,000 કરોડ છે.

આ સહકારી બ્રાન્ડની માલિકી ગુજરાતના 36 લાખ ડેરી ખેડૂતો પાસે છે, અને તેમણે રોજિંદા જીવનમાં લાખો ગ્રાહકોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે ડેરી જાયન્ટ અમૂલે મે 2022માં અમૂલ ઓર્ગેનિક લોટ લોન્ચ કરીને ઓર્ગેનિક ઉદ્યોગમાં પ્રવેશ કર્યો હતો. આ સફળ લોન્ચિંગ બાદ અમૂલે ઓર્ગેનિક ઉત્પાદનોની વિશાળ શ્રેણી લોન્ચ કરી છે, જેમાં લોટ, અડદની દાળ, ચણા દાળ મસૂરનીદાળ, મગ, આખાઅડદ, રાજમા, દેશી ચણા, કાબુલી ચણા જેવા કઠોળ અને બાસમતી અને સોમપુરી સહિતના




વિવિધ ચોખાનો સમાવેશ થાય છે. ઓર્ગેનિક ઉત્પાદનોના ક્ષેત્રે અમૂલનો પ્રવેશ ભારતમાં ઓર્ગેનિક ખેતી અને ઉપયોગને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. ઓર્ગેનિક ખેતી પર્યાવરણ માટે ફાયદાકારક છે, કારણકે ઓર્ગેનિક ખેતીથી જમીન, પાણી અને જૈવ વિવિધતાને નુકસાન પહોંચાડનાર કૃત્રિમ ખાતરો અને જંતુનાશકનો ઉપયોગ ઘટે છે. જૈવિક ખેતી ખેડૂતો અને ગ્રાહકો બંનેના સ્વાસ્થ્ય અને પોષણમાં વધારો કરે છે, કારણકે તેઓ હાનિકારક રસાયણોના સંપર્કથી બચે છે અને ભોજનની પ્રાકૃતિક ગુણવત્તા અને સ્વાદ જાળવી રાખે છે. અમૂલે એ સુનિશ્ચિત કર્યું છે કે, ઓર્ગેનિક ઉત્પાદનોની કિંમત યોગ્ય અને પોસાય તેમ હોય, જે સમાજના એક મોટા વર્ગ માટે વ્યાજબી અને સુલભ બને. ગત વર્ષે મે મહિનામાં કેન્દ્રીય મંત્રીશ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર સ્થિત અમૂલફેડ ડેરીમાં ઓર્ગેનિક પરીક્ષણ પ્રયોગશાળાનું ઉદ્ઘાટન કર્યું હતું. અમૂલે હવે એક વિશિષ્ટ ઓર્ગેનિક સ્ટોરની સ્થાપના કરી છે.

અમૂલ ઓર્ગેનિક ઉત્પાદનોની વધતી માંગને પહોંચી વળવા અનેક શહેરો અને નગરોમાં આવા 100થી વધુ વિશેષ આઉટલેટ્સ ખોલવાનું લક્ષ્ય રાખે છે.

### ગુજરાત રાજ્ય સહકારી સંઘની 65મી વાર્ષિક સાધારણ સભા તથા મિલેટ્સ જાગૃતિ કાર્યક્રમ

## ટેક્નોક્રિએટ સહકારી મંડળીઓ ગ્રામીણ આર્થિક-સામાજિક વિકાસ અને પ્રગતિ માટેનું તે સબળ માધ્યમ બની રહેશે : શ્રી ઘનશ્યામભાઈ અમીન








અમદાવાદ : ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદની 65મી વાર્ષિક સાધારણ સભા તથા મિલેટ્સ-જાગૃતિ કાર્યક્રમ સંઘના અધ્યક્ષ શ્રી ઘનશ્યામભાઈ એચ. અમીનના અધ્યક્ષસ્થાને અને ગુજરાત રાજ્ય સહકાર સેલના સંયોજક અને ગુજકોમાસોલના ઉપાધ્યક્ષશ્રી બિપીનભાઈ પટેલ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્યસભાના સાંસદશ્રી નરહરિભાઈ અમીનની ઉપસ્થિતિમાં તારીખ 12/07/2024ના રોજ લાયન્સ હોલ, મીઠાખળી, અમદાવાદ મુકામે યોજાયા હતા.

સભાના અધ્યક્ષ સ્થાનેથી રાજ્ય સંઘ અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીને 65મી વાર્ષિક સાધારણ સભામાં પધારેલ સૌ સભાસદ ભાઈબહેનોને આવકારતાં રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય સહકારી પ્રવાહોની માહિતી આપી જણાવ્યું હતું કે, વિશ્વ સ્તરે સહકારી પ્રવૃત્તિનું મહત્વ એટલું બધું વધી ગયું છે કે, યુનોએ અને આઈ.સી.એ.પણ સહકારી પ્રવૃત્તિની જરૂરિયાતો અને તેની મહત્તાને સમજીને ૨૦૨૫ નું વર્ષ સમગ્ર વિશ્વમાં સહકારી વર્ષ તરીકે ઉજવવાનું જાહેર કરેલ છે. આમ દિવસે દિવસે સહકારી પ્રવૃત્તિનું મહત્વ વિશ્વ કક્ષાએ વધતું જઈ રહયું છે અને તેથી જ ભારતના વડાપ્રધાન માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પણ દેશના આર્થિક વિકાસમાં સહકારી પ્રવૃત્તિને જોડીને દેશમાં 'સહકારથી સમૃદ્ધિ' લાવવાનો સંકલ્પ જાહેર કરેલ છે. એટલે કે, દેશના નાના અને મધ્યમવર્ગની આર્થિક સક્ષમતા માટે સહકારી પ્રવૃત્તિના માધ્યમ ધ્વારા થઈ શકે તેમ છે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને તેથી જ તેઓએ સહકારી સંસ્થાઓને દેશની આર્થિક ક્ષમતાના વિકાસમાં લાગી જવા અપીલ કરી છે. આ માટે જ તેઓએ ૩ વર્ષ અગાઉ ભારત સરકારના સહકાર મંત્રાલયનો જે અલગ વિભાગ બનાવેલ અને તેના મંત્રી તરીકે પીઢ સહકારી આગેવાન એવા માનનીય શ્રી અમિતભાઈ શાહને જવાબદારી સોંપી છે. આજે તેને ત્રણ વર્ષ પૂર્ણ થઈ ગયેલ છે અને ત્રણ વર્ષમાં સહકાર મંત્રાલયના માન. મંત્રી શ્રી અમીતભાઈ શાહે વડાપ્રધાનના ધ્યેયને આગળ વધારવા માટે સહકારી ક્ષેત્રમાં 'સહકારથી સમૃદ્ધિ' આવે તે માટે સંકલ્પ જાહેર કરેલ છે કે, દેશમાં જેટલી ગ્રામપંચાયતો છે તેટલી સહકારી મંડળીઓ હોવી જોઈએ જે સર્વે કરતાં લગભગ ૨ લાખ જેટલી નવી સહકારી મંડળીઓ ઉભી કરવાની થાય છે. વળી અત્યાર સુધી સેવા સહકારી મંડળીઓ ફકત ખેડૂતો માટે ખાતર અને ધિરાણનું જ કામ કરતી હતી તેને બદલે સમગ્ર દેશમાં પેક્સ માટે મલ્ટીપરપઝ કામકાજ કરવાના



અનુસંધાન પાના નંબર : 3

## સહકારી પ્રવૃત્તિમાં પણ પરિવર્તન જરૂરી છે : શ્રી રવિન્દ્રસિંહ રણા

ભરૂચ : ગુજરાત રાજ્ય સહકારી સંઘની શિક્ષણ યોજના મુજબ ભરૂચ જિલ્લા સહકારી સંઘ દ્વારા જંબુસર તાલુકાના જંબુસર મુકામે સહકારી જીનમાં 28 દિવસનો મંત્રી / મેનેજર તાલીમ વર્ગ યોજાઈ ગયો. આ તાલુકાની 22 મંડળીઓના 30 સેક્રેટરીઓએ ભાગ લીધો હતો.

સહકારી મંત્રી / મેનેજર તાલીમ વર્ગની પૂર્ણાહુતિ પ્રસંગે ભરૂચ જિલ્લા સહકારી સંઘના માનદ્ મંત્રી શ્રી રવિન્દ્રસિંહ રણાએ જણાવ્યું હતું કે સહકારી પ્રવૃત્તિ એ ખૂબ જુની પ્રવૃત્તિ છે. વખત જતાં તેમાં પણ પરિવર્તન જરૂરી છે અને લોકોને આત્મનિર્ભર બનવા માટે સહકારી પ્રવૃત્તિ એ શ્રેષ્ઠ છે અને તે દ્વારા લોકોનો વિકાસ થઈ શકે છે. ભવિષ્યમાં સરકાર દ્વારા સહકારી પ્રવૃત્તિને વેગવંતી બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે જે લાભ મળવાના છે તે ડાયરેક્ટ મંડળીઓને મળવાના છે. આ પ્રસંગે અમૂલ ડેરીના સ્થાપક શ્રી ત્રિભોવનભાઈ પટેલને પણ યાદ કર્યા હતા.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને ભરૂચ જિલ્લા સહકારી સંઘના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલે જણાવ્યું હતું કે સહકારી પ્રવૃત્તિનો જો વિકાસ કરવો હોય તો ડિઝિટલ લાઈઝેશન ખૂબ જરૂરી છે. આવી તાલીમો લીધા પછી પણ મંત્રી / મેનેજરે સતત સહકારી શિક્ષણ દ્વારા પોતાના જ્ઞાનમાં વધારો કરવો જોઈએ. સહકારી પ્રવૃત્તિમાં સહકારની ભાવનાથી જો કામ કરીશું તો સમાજનો વિકાસ થશે. મહિલાઓની વધુને વધુ સહકારી પ્રવૃત્તિમાં સામેલગીરી કરવી પડશે અને રાષ્ટ્રના વિકાસમાં સહકારી પ્રવૃત્તિ ખૂબ મોખરે છે.

કાર્યક્રમના મુખ્ય મહેમાન અને ભરૂચ જિલ્લા સહકારી સંઘની મહિલા સહકાર સમિતિના પ્રમુખ શ્રીમતિ નીરૂબેન આહીરે જણાવ્યું હતું કે જે તે ક્ષેત્રમાં કામ કરવાનું હોય અને તે પ્રકારની તાલીમ લીધી હોય તો પોતાનો, સહકારી મંડળીનો વિકાસ ચોક્કસ છે. સમયનું પરિવર્તન મહિલાઓમાં ખૂબ જરૂરી છે. સહકારી પ્રવૃત્તિ દ્વારા પોતાનામાં રહેલી શક્તિને વિકસાવવાની છે. જિલ્લા સહકારી સંઘની શિક્ષણ યોજનાનો વધુને વધુ લાભ લેશો તેવો અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં વિવિધ તજજ્ઞો જેવા કે જિલ્લા રજિસ્ટ્રાર શ્રી કનકોટીયા, ભરૂચ ડિ. સે. કો. ઓ. બેંકના કન્સલ્ટન્ટ ઓફિસર શ્રી આર. પી. રાવલ, શ્રી એન. એ. ચાવડા, શ્રી જાવીદ મુન્શી તથા શ્રીમતિ ચંદ્રીકાબેન મકવાણાએ તાલીમાર્થીઓને જુદા જુદા વિષયોથી માહિતગાર કર્યા હતા. તાલીમાર્થીઓએ પોતાના પ્રતિભાવ પણ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતમાં આભારવિધિ મહિલા સી. ઈ. આઈ. શ્રીમતિ મમતા એસ. પંડયાએ કરી હતી.

# ધી ભરૂચ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્ક લિ., ભરૂચ

## Balance Sheet as on 31st March 2024

(000's omitted)

| Sr No. | Particulars | Schedule | As on 31-3-2024 (Current Year) | As on 31-3-2023 (Previous Year) |
|---|---|---|---|---|
| A | Capital and Liabilities | | | |
| I | Capital | 1 | 67403 | 67660 |
| II | Reserves and Surplus | 2 | 1893730 | 1887825 |
| III | Deposits | 3 | 13094118 | 12814291 |
| IV | Borrowings | 4 | 279627 | 251739 |
| V | Other liabilities and provisions | 5 | 703720 | 724858 |
| | Total | | 16038598 | 15746373 |
| B | Assets | | | |
| I | Cash and balances with Reserve Bank of India | 6 | 513003 | 546299 |
| II | Balance with banks and money at call and short notice | 7 | 4342086 | 3701639 |
| III | Investments | 8 | 2758453 | 3159016 |
| IV | Advances | 9 | 6837645 | 6593983 |
| V | Fixed Assets | 10 | 281872 | 218375 |
| VI | Other Assets | 11 | 1305539 | 1527061 |
| | | | 16038598 | 15746373 |
| C | Contingent liabilities | 12 | 131239 | 92903 |

Accounting Note and Policies and Notes on Accounts
as per Appendix As per our report of even date attached.

| | | | |
|---|---|---|---|
| For Hardik K Shah & Company | Arunsinh A. Rana | Karsanbhai G. Patel | Ajaysinh A. Rana |
| Chartered Accountants, Vadodara | Chairman | Vice Chairman | Managing Director |
| | | | Pinkal R. Raval |
| | | | Manager/CEO |
| CA Hardik Shah | Narendrasinh C. Parmar | Suniibhai D. Patel | Sunilbhai R. Patel |
| Partner | Bhaskarbhai B. Patel | Vasantbhai S. Patei | Bhupendrasinh S. Rathod |
| Membership No.: 135895 | Sanjaysinh A. Sindha | Ishakji. G. Raj | Marutisinh T. Atodariya |
| FRN: 131910W | Sardarsinh K. Desai | Harshadbhai L. Patel | Bhupatsinh M. Keshrola |
| Statutory Auditor | Bhartendrasinh S. Vansadiya | Jagdishbhai S. Patel | Mukeshbhai K. Patel |
| Date: 23.04.2024 | Kiritsinh A. Rana | Dharmvirsinh B. Rana | Sandipbhai R. Vyas |
| UDIN: 24135895BKFOUM8013 | Jagdishchandra R. Patel | Jigneshbhai C. Patel | |

## Profit and Loss Account for the year ended on 31st March 2024

(1000's ofitted)

| Sr No. | Particulars | Schedule | As on 31-3-2024 (Current Year) | As on 31-3-2023 (Previous Year) |
|---|---|---|---|---|
| I. | Income | | | |
| | Interest earned | 13 | 1221168 | 1020075 |
| | Other income | 14 | 266357 | 129552 |
| | Total | | 1487525 | 1149627 |
| II. | Expenditure | | | |
| | Interest Expended | 15 | 630084 | 523080 |
| | Operating Expenses | 16 | 706694 | 466937 |
| | Provisions and contingencies | 17 | 112592 | 119483 |
| | Total | | 1449370 | 1109500 |
| III. | Profit/Loss | | 38155 | 40127 |
| | Net profit/loss(-) for the year | | 38155 | 40127 |
| | Profit/loss(-) brought forward | | 0 | 0 |
| | Total | | 1487525 | 1149627 |
| IV. | Appropriations | | 38155 | 40127 |
| | Transfer to statutory reserves | | 9539 | 10032 |
| | Transfer to Agricultural Credit Stabilization Fund | | 5723 | 6019 |
| | Transfer To Sp. Bad Debt Fund | | 5723 | 6019 |
| | Transfer to Government/ proposed dividend | | 10110 | 10148 |
| | Transfer To Building Fund | | 2824 | 1977 |
| | Transfer To OTS Fund | | 1412 | 1977 |
| | Transfer To Investment Fluctuations Fund | | 1765 | 1977 |
| | Transfer To Dividend Equilization Fund | | 706 | 1582 |
| | Transfer To Co-op. Education And Training Fund | | 353 | 396 |

Accounting Note and Policies and Notes on Accounts
as per Appendix As per our report of even date attached.

| | | | |
|---|---|---|---|
| For Hardik K Shah & Company | Arunsinh A. Rana | Karsanbhai G. Patel | Ajaysinh A. Rana |
| Chartered Accountants, Vadodara | Chairman | Vice Chairman | Managing Director |
| | | | Pinkal R. Raval |
| | | | Manager/CEO |
| CA Hardik Shah | Narendrasinh C. Parmar | Suniibhai D. Patel | Sunilbhai R. Patel |
| Partner | Bhaskarbhai B. Patel | Vasantbhai S. Patei | Bhupendrasinh S. Rathod |
| Membership No.: 135895 | Sanjaysinh A. Sindha | Ishakji. G. Raj | Marutisinh T. Atodariya |
| FRN: 131910W | Sardarsinh K. Desai | Harshadbhai L. Patel | Bhupatsinh M. Keshrola |
| Statutory Auditor | Bhartendrasinh S. Vansadiya | Jagdishbhai S. Patel | Mukeshbhai K. Patel |
| Date: 23.04.2024 | Kiritsinh A. Rana | Dharmvirsinh B. Rana | Sandipbhai R. Vyas |
| UDIN: 24135895BKFOUM8013 | Jagdishchandra R. Patel | Jigneshbhai C. Patel | |

પાના નંબર 6નું અનુસંધાન

### SIGNIFICANT ACCOUNTING POLICIES & NOTES FORMING PARTS OF FINANCIAL STATEMENTS FOR THE YEAR ENDED ON 31ST MARCH 2024

change and commitment affecting the financial position are disclosed in the reports of the Board of Directors.

10. **Provision:** Provisions involving substantial degree of estimation in measurement are recognized when there is a present obligation as a result of past events and it is probable that there will be an outflow of resources even though the amount cannot be determined with certainty and represents only a best estimate in the light of available information. Contingent liabilities are not recognized but are disclosed in the notes. Contingent assets are neither recognized nor disclosed in the financial statements.
11. **Taxation:**
    a. Current Tax - Current year tax is determined as the amount of tax payable in respect of taxable income for the year.
    b. Deferred Tax - Deferred Tax Liability is recognized on timing difference between the accounting income and tax income that originate in one period and are capable of reversal in one or more subsequent periods.
12. **Use Of Estimates:** The preparation of financial statements in conformity with generally accepted accounting principles requires management to make estimates and assumptions that affect the reported amounts of assets and liabilities and disclosure of contingent liabilities at the date of the financial statements and the results of operations during the reporting period end. Although these estimates are based upon management's best knowledge of current events and actions, actual results could differ from these estimates
13. **Cash and cash Equivalents:** Cash and cash equivalents include cash on hand and balances with Reserve Bank of India and Balances with other private banks.
14. **Segment Reporting:** The entire operation of the bank is one composite banking business. In view of the management of Bank, Accounting Standard 17 on "Segment Reporting" issued by the Institute of Chartered Accountant of India is not applicable to bank

**B. NOTES TO ACCOUNTS:**

1. The Bank has achieved the overall exposure of advances to Priority Sector as per RBI guidelines. The Priority advances are 67.63% of total advances as against requirement of 50% as per RBI guidelines.
2. Bank is maintaining minimum CRAR of 12% on a continuous basis.
3. Compliance with Accounting Standards:
    a. The Bank is primarily engaged in banking activity as defined by RBI. As interest income (including interest earned on Government security) accounts for more than 80% of banks total revenue, separate business segment reporting as per AS-17 is not considered necessary. The bank has made necessary provision for deferred tax liability in compliance with accounting standard 22 of the ICAI.
    b. The necessary provision for gratuity and leave encashment with respect to retirement benefit is not required as per accounting standard– 15 of ICAI as the Bank has tied up with L.I.C. of India for such liability. Further, premium paid to L.I.C. of India during the year is debited to Profit and Loss A/c
    c. The Bank is a Co-operative Bank under the Multi-State Co-operative Society Act 2002 and there are no related party requiring disclosure under the AS-18 issued by the ICAI, other than one Key Management Personnel, viz. EX CEO Mr. J. J. Shah and presently CA. Smit Morabia is CEO of the Bank. However, having regard to the RBI circular No.DBOD. BP.BC.89/21.04.018/2002-03 dated March 29, 2003, he being single party coming under the category, no further details thereon are required to be disclosed.
    d. **Contingent Liabilities: (AS – 29):**

| Particulars | 31.03.2024 | 31.03.2023 |
|---|---|---|
| Bank Guarantees | 13,03,000 | 18,53,000/- |
| Letter of Credit | Nil | Nil |

4. **Movement of CRAR.**

| Particulars | 31.03.2024 | 31.03.2023 |
|---|---|---|
| Movement of CRAR | 19.63 | 21.70 |

5. **Advances:**
    a. Advances against real estate, construction business and housing are Rs.3.99 Crores i.e. 1% of the total Assets of previous year which is with in prescribed limit of 15% as per RBI directives
    b. Advances against Shares & Debentures are Rs. Nil
    c. The Bank has created Interest Reserve Account for interest accrued in respect of Non-Performing Asset by debiting Interest Receivable Account and crediting Overdue Interest Reserve Account amounting to Rs. 1375.78 Lakh.
    d. Classification of Assets and movements of NPA:

**Total Loans & Advances Rs. 33135.59 Lakhs** **(Rs. in Lakh.)**

| Sr. No. | Classification of Advances | Advances Rs. | Provision Required | Provision Made |
|---|---|---|---|---|
| 1 | Standard | 32325.62 | 129.30 | 161.56 |
| 2 | Sub Standard | 190.27 | 19.02 | 1289.47 |
| 3 | Doubtful | 328.06 | 193.58 | |
| 4 | Loss | 291.65 | 291.65 | |
| 5 | Gross NPA (2+3+4) | 809.98 | 504.25 | 1289.47 |
| 6 | **Total (1+5)** | **33135.59** | **633.55** | **1451.03** |

Provision req uired for NPA as on 31.03.2023 is Rs. 504.25 lakh as per RBI guidelines. As against this, the bank has made provision of Rs. 1289.47lakh. Thus the aggregate provision for NPA is far in excess of the total NPA.

6. The Bank is holding a Non-Banking Asset (Lal-Tekri Plot at Hospital Road Bhuj Kutch 370001) of Rs. 1,00,08,600/- which was purchased by Bank for its own use in 2010. But, since 7 years have passed, Bank had sought permission from RBI for holding of this Asset. Last permission from RBI was received on 11-04-2022 for one year after that bank has given application for same this year but it is pending with RBI.
7. The Bank has not restructured any Advance Accounts during the F.Y. 2023-24
8. During the year transaction in foreign currency is Nil.
9. Figures are rounded off to the nearest rupees.
10. Previous year figures are regrouped and rearranged wherever necessary to make them comparable.

For PATWA AND SHAH (FRN NO : 131057W)
CHARTERED ACCOUNTANTS
CA Priyanka.H.Shah, Partner
M. No: 154351 PLACE : AHMEDABAD
DATE : 27/06/2024 UDIN: 24154351BKGFLT2727

## ધી ભરૂચ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેન્ક લિ., ભરૂચ

### STATUTORY AUDITOR'S REPORT

To,
The Members
The Bharuch District Central Co-Operative Bank Limited,
Bharuch,

**Report on Financial Statement:**

We have audited the attached Balance Sheet of **The Bharuch District Central Co-Operative Bank Limited as on 31st March, 2024,** and also Profit and Loss Account and the Cash Flow Statement annexed there to for the year ended on that date in which the returns of branches and Head office audited by us, are Incorporated. The branches audited by us have been selected in accordance with the guidelines issued to the Bank by NABARD.

**Responsibility of the Management in preparation of the Financial Statements:**

The Management of the Bank is responsible for the preparation of the financial statements that give true and fair view of the Financial Position and Financial Performance of The Bank in accordance with the requirements of the Reserve Bank of India. the provision of The Banking Regulation Act, 1949 and recognized accounting policies and practices. Including the applicable Accounting Standards issued by the Institute of Chartered Accountant of India. This responsibility of management includes the design, implementation and maintenance of internal control relevant to the preparation of the financial Statements that are free from material misstatement, whether due to fraud or error.

**Auditor's Responsibility:**

Our responsibility is to express an opinion on the Financial Statements based on our audit. We conducted our audit in accordance with the auditing standard general accepted in India. Those standards require that we plan and perform the audit to obtain reasonable assurance about whether the financial statements are free of material misstatements.

An audit involves performing procedures to obtain audit evidences and examination of the amounts and disclosures made in the financial statements on test check basis. An audit also includes assessing and evaluating the appropriateness of the accounting principles and policies used and reasonableness of the significant accounting estimates made by the Management, as well as evaluating the overall financial statements presentation of the Financial Statements.

The procedures selected depend on the auditor's judgment, including the assessment of the risk of material misstatement of the financial statements, whether due to fraud or error. In making those risk assessments, the auditor considers internal control relevant to preparation and presentation of the Financial Statements in order to design and adopt the audit procedures that are appropriate in the relevant circumstances of performing the audit. We believe that our audit provides a reasonable basis for our opinion.

**Opinion:**

In our opnion and to the best of our information and according to the explanations given to us by the management of the Bank. the Financial Statements drawn from the said accounts read together with the notes thereon, give the information required by the Banking Regulation Act, 1949 as well as Gujarat State Co-Operative Society Act in the manner so required and gives a true and fair view In conformity with the Accounting Principles generally accepted in India:

(I) In the case of Balance Sheet . of the state of the affairs as at 31st March, 2024,
(II) In the case of the Profit and Loss Account. of true Balance of Profit, for the year ended on that date and
(III) In the case of the Cash Flow statement of the Cash Flow for the year ended on that date.

**Report on other legal and regulatory requirements:**

The Balance Sheet and Profit and Loss Account have been drawn up in form 'A' and 'B' respectively of the third schedule. in accordance with the provisions of section 29 of the Banking Regulation Act, 1949.

As required under section 31 of the Banking Regulation Act, 1949 as applicable to Co-Operative Societies, we report that:

(a) We have obtained all the information and explanations, which to the best of our knowledge and belief were necessary for the purposes of our audit and have found them to be satisfactory.
(b) The transactions of the Bank which have to come to our notice have been within the competence of the Bank.
(c) In our opinion, proper returns adequate for the purpose of our audit have been kept by Bank so far as appears from the examination of those books and proper returns adequate for the purpose of our audit have been received from the branches of the Bank.
(d) The Balance Sheet, Profit and Loss Account and the Cash Flow Statement dealt with by this reports are in agreement with the books of account and are drawn up in conformity with the law.
(e) Certain Items of Income & Expenditure as stated in Note - 6 to the significant accounting policies are accounted on cash basis as against accrual basis specified under Accounting Standard-9 on 'Revenue Recognition' issued by the Institute Of Chartered Accountants Of India.

**Audit classification:**

The Bank has been awarded 'A' Audit classification for the Financial Year 2023-2024.

For Hardik K Shah & Company
Chartered Accountants
CA Hardik Shah
Partner
Membership No.: 135895
FRN: 131910W
UDIN: 24135895BKFOUM8013
Plante : Vadodara
Date: 23.04.2024

# ભાવનગર જિલ્લા સહકારી સંઘની 66મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન

ભાવનગર : ભાવનગર જિલ્લા સહકારી સંઘની 66-મી વાર્ષિક સાધારણ સભા અને તેની સાથે સંકળાયેલી સમાનધર્મી સહકારી સંસ્થાઓ દર વર્ષની પ્રણાલી પ્રમાણે સામાન્ય સભાઓ સવારે 9-00 કલાકથી મળી ને તેમાં ત્રણ વ્યકિત ડેલીગેટોની સામાન્ય સભાઓ સવારે 9-00 કલાકે જગાભાઈ ગોપનાથવાળા રેસ્ટોરન્ટ, શિવકુંજ આશ્રમની સામે, અધેવાડા, ભાવનગર મુકામે મળી મળી હતી. જેના એજન્ડા સૌ સભાસદોને અગાઉથી મોકલાવી આપેલ હતાં.

સૌ પ્રથમ આ સભાના એજન્ડા મુજબની કામગીરી હાથ ધરતા પહેલા પ્રસાર થયેલા વર્ષમાં રાજયમાં અને દેશમાં અવસાન પામેલા તેવા સર્વે નામાકિત મહાનુભાવો જિલ્લાના, રાજયના ને રાષ્ટ્રના નામી-અનામી દિવગંત્ મહાનુભાવોના નિધન થયેલ છે તેઓ સર્વોનું સ્મરણ કરીને શોકાંજલિ અર્પવા બે મિનિટ મૌન ભાવે શ્રધ્ધાંજલિ આપવામાં આવી.

આ બાદ ત્રણ સહકારી સંસ્થાઓના પેટા-નિયમ મુજબ વ્યકિત ડેલીગેટોની સભાની શરૂઆત થઈ જેમાં શ્રી બળવંતરાય મહેતા તેલીબીયા ઉત્પાદક અને ઓઈલ પ્રોસેસીંગ કો-ઓપ.સોસાયટી લિ.,ભાવનગરના 19 વ્યકિત ડેલિગેટ સભ્યો, શ્રી ભાવનગર જિલ્લા સહકારી સંઘ,ભાવનગરના 14 વ્યકિત ડેલિગેટ સભ્યો અને શ્રી સરદાર પટેલ જિલ્લા ઔધોગિક સહકારી સંઘ લિ.ભાવનગરનાં 6 વ્યકિત ડેલિગેટ પ્રતિનિધિશ્રીઓની દરખાસ્તો ટેકા સાથે રજુ થતાં સર્વાનુમતે ને બિનહરિફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતાં.

જિલ્લા સહકારી સંઘના નેતૃત્વમાં દર વર્ષે સમાનધર્મી સહકારી સંસ્થાઓની સામાન્ય સભાઓ મળતી હોય છે. તે રીતે તમામ સમાનધર્મી સહકારી સંસ્થાઓએ સમગ્ર દેશમાં સહકારથી સમૃધ્ધિના કાર્યક્રમની દ્રષ્ટિ ઘ્યાનમાં રાખીને સમગ્ર જિલ્લા કક્ષાની સહકારી સંસ્થાઓની સમગ્ર ટીમે એક જુથ થઈને શ્રી જયવંતસિંહજીના માર્ગદર્શન નીચે પસાર થયેલા વર્ષમાં ઉત્તમ કામગીરી કરી છે જેની નોંધ લેતા જિલ્લા સહકારી સંઘનો 66-મો વાર્ષિક અહેવાલ તમામ સભ્યોને મોકલી આપવામાં આવેલો.

આ તબકકે પાંચ સમાનધર્મી સહકારી સંસ્થાના સંયુકત સભામાં પોતાના વકતવ્યમાં જયવંતસિંહભાઈએ જણાવ્યુ હતું કે, દેશના સતત ત્રીજી ટર્મથી ચૂંટાયેલા વડાપ્રધાન ને ગુજરાતના રાજયના ભુતપૂર્વ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વૈશ્વિક સ્તરે પ્રસંશનીય નેતૃત્વ પૂરું પાડી વર્તમાન સમયમાં સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે




'સહકાર થી સમૃધ્ધિ' સુધીના નારા સાથે દેશની ઈકોનોમી પાંચ ટિલીયન ડોલર સુધી પહોચાડવાની જે ભારત સરકારની નેમ છે તેમાં દેશની સહકારી સંસ્થાઓ અને આપણે સૌ સહકારી સંસ્થાઓ અને તેના કાયૅકરોએ સાથ અને સહકાર આપવો તેવી અપીલ કરી હતી.

આ તકે જિલ્લાની કૃષિ સહકારી મંડળીઓ માટેનો કેન્દ્રિય લેવલેથી પેટા-કાયદો સુધારવામાં આવ્યો તે ઉપલક્ષ્યમાં શિક્ષણ ફંડ ફાળવવા અને તે આપવા સૌ જિલ્લાની સહકારી સંસ્થાઓને શિક્ષણ ફંડ મોકલવાની જયવંતસિંહભાઈએ આ સભામાં અપીલ કરી હતી.

આ તકે ભાવનગર જિલ્લા સહકારી સંઘના યુવા ડાયરેકટર ને ગુજરાત રાજય સહકારીસંઘનીમહિલાસહકારીસમિતિના ચેરપર્સનશ્રી ભાવનાબેન જાડેજાએ આવેલ સભાસદ પ્રતિનિધિશ્રીઓને અહિંયા મળેલ માર્ગદર્શન પોતાના જિવનમાં ઉતારી સહકારી પ્રવૃત્તિને વિકાસ તરફ લઈ જવાની અપીલ કરી સૌ કોઈનુ આવકાર સ્વાગત કર્યું હતું.

ગુજરાત રાજય સહકારી સંઘના બન્ને સી. ઈ. આઈ. તથા સંઘના કર્મચારીઓએ જવાબદારી પૂર્વક તમામ જિલ્લાની સમાનધર્મી સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાઓના એજન્ડા મુજબની કામગીરી બજાવી હતી.

આ સભામાં જિલ્લા સહકારી સંઘના ઉપાધ્યક્ષશ્રી નીપાબેન મહેતા, જિલ્લા સંઘના ડાયરેકટરશ્રીઓ સર્વશ્રી વિરમદેવસિંહજી ગોહિલ, શ્રી ચંદ્રસિંહજીભાઈ બી. ગોહિલ, શ્રી લધરભાઈ ચૌહાણ, શ્રી જાવેદભાઈ દલ, શ્રી પ્રેમજીભાઈ વી. બારૈયા, શ્રી બાબુભાઈ બી. ધાધલાં, શ્રી લાલુભા કે. ગોહિલ સહિતના તમામ કાર્યવાહકો તેમજ મહિલા સમિતિના સદસ્યશ્રીઓ શ્રી કપીલાબેન ત્રિવેદી, શ્રી અવનીબેન બી. રાવલ, શ્રી નીમુબેન બી.પંડયા, શ્રી પ્રિતીબેન શાહ તેમજ ચૂંટાયેલા વ્યકિત ડેલિગેટ પ્રતિનિધિશ્રીઓ તેમજ યુવા સહકારી મિત્રો અને ઉપસ્થિત રહેલ સભાસદ મંડળીઓના પ્રતિનિધિશ્રીઓ સૌને વંદન કરી આ સાથે સભાઓની કામગીરી પૂર્ણ થયેલી જાહેર કરી હતી.

# સુરત મુકામે આવકાર અર્બન કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીની રજતજયંતિ વર્ષની ઉજવણી સુરત મુકામે યોજાઈ

આવકાર અર્બન કો-ઓ. ક્રેડિટ સાસાયટી લિ. ના 25 વર્ષ પૂર્ણ થતાં રજતજયંતિ વર્ષની ઉજવણી ખૂબ જ શાનદાર રીતે સુરત મૂકામે સંસ્થાના પ્રમુખશ્રી હરીભાઈ રાઘવભાઈ કથીરિયા, ઉપપ્રમુખશ્રી બાવચંદભાઈ નાવડીયા, મંત્રીશ્રી પ્રફુલભાઈ નાવડીયા, સાથી ડિરેકટર મિત્રોના નેજા હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. સદર ઉજવણીમાં સુરત જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ.ના પ્રમુખશ્રી રમણભાઈ અંબેલાલ પટેલ, સુરતના પ્રથમ નાગરિક એવા મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, સહકાર બંધુ એવોર્ડ વિજેતા શ્રી કાનજીભાઈ ભાલાળા, રીટા. જોઈન્ટ રજિસ્ટ્રારશ્રી જે. જે. શાહ સાહેબ, ગુ.રા.કો-ઓ. ક્રેડિટ સોસા. ફેડરેશન લિ.ના વા.ચેરમેનશ્રી જીવરાજભાઈ ગોધાણી, ક્રિભકોના ડિરેકટરશ્રી ભાવેશભાઈ રાદડીયા, સુરત જિલ્લા સહકારી સંઘના ડિરેક્ટરશ્રી ગોરધનભાઈ લાઠીયા, સુરત જિલ્લા સહકારી સંઘના ચીફ એક્ઝિક્યુટિવ ભાવેશભાઈ પટેલ વગેરે મહાનુભાવોએ મુખ્ય મહેમાન પદે હાજર રહી સંસ્થાના રજતજયંતિ વર્ષની ઉજવણીના કાર્યક્રમને સુશોભિત કર્યો હતો.

કાર્યક્રમની શરૂઆત સંસ્થાના કમિટી સભ્યો તથા ગુજરાત રાજયના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, માજી મંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી, સુરત શહેરના મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, વરાછા બેંક લિ. ના ચેરમેનશ્રી ભવાનભાઈ નવાપરા તથા આમંત્રીત મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યાર બાદ મહેમાનશ્રીઓને શાલ ઓઢાડી, ફુલ બુકે, તથા મોમેન્ટો આપી સન્માનિત કર્યા હતા. ત્યાર બાદ સંસ્થાના સભાસદોના બાળકોના શૈક્ષણિક સંવર્ધન અર્થે મહેમાનશ્રીઓના હાથે મોમેન્ટો આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમને આગળ વધારતાં મુખ્ય મહેમાન એવા સુરત જિલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘ લિ. ના ચેરમેનશ્રી રમણભાઈ પટેલે તેમની તળપદી ભાષામાં તેમની 50 વર્ષની સહકારી આયુષ્યના સંભારણા રજુ કરતાં જણાવ્યું કે વર્તમાન સમયમાં સંગઠીત રહી એકતા ટકાવી રાખવાનું કાર્ય ખુબજ કઠીન છે જે કાર્ય આવકાર અર્બન કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ. ના આગેવાનોએ સારી રીતે નિભાવ્યું છે તેને સાક્ષી આ રજતજયંતિ સમારોહમાં ઉપસ્થિત સંસ્થાના 2000 કરાતાં વધુ સભાસદો પુરાવે છે.

ગુજરાત રાજયના રિટાયર્ડ જોઈન્ટ રજિસ્ટ્રારશ્રી જે. જે. શાહે જણાવ્યુ હતુ કે નાના-નાના પરીવારો ને સહાકાર મળતા તેમના પરીવારોનો વિકાસ થાય છે તેઓએ ખાસ જણાવ્યુ હતુ કે સંસ્થા ધ્વારા વડીલ વંદના કાર્યક્રમ અંર્તગત વડીલોને યાત્રા કરાવી તે ખુબજ પ્રશંસનીય કાર્ય છે તેમજ જાગ્રત સભાસદોની ખાસ નોંધ લઈ સન્માનીત કરવામાં આવ્યા તે પણ સંસ્થાની ખુબ જ સુંદર કામગીરી છે.

ગુજરાત રાજયના શિક્ષણ મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયાએ ખાસ નોંધ લઈ સંસ્થાના પ્રમુખશ્રી હરીભાઈ કથીરીયા તથા સાથી ડિરેક્ટર મિત્રોનું સન્માન ઉપસ્થીત મહેમાનશ્રી કાનજીભાઈ ભાલાળા, શ્રી કિશોરભાઈ કાનાણી, શ્રી રમણકાકા, તેમજ સહકારી સંસ્થાઓ જેવીકે આરાધના અર્બન ના કમિટી સભ્યો, શ્રી મહિલા વિકાસ અર્બનના પ્રમુખશ્રી તથા કર્મચારી ગણ તેમજ શ્રી હેપ્પી યુથ અર્બનના પ્રમુખશ્રી દિનેશભાઈ લહેરી તથા તેમની ટીમ ધ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ સંસ્થાના કર્મનિષ્ઠ કર્મચારી એવા મેનેજરશ્રી વિપુલભાઈ રાઠોડનું સન્માન સંસ્થાના પ્રમુખશ્રી હરીભાઈ કથીરીયા, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી તથા કિશોરભાઈ કાનાણી તથા આરાધના અર્બનના પદાધિકારીઓના વરદ હસ્તે કરવામાં આવ્યુ તે આ આખા પ્રસંગને ચાર ચાંદ લગાવવા સમાન છે.

શ્રી કાનજીભાઈ ભાલાળા ગુજરાત રાજયમાં ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં સહકારી ક્ષેત્રની તમામ સંસ્થાઓનો ગુજરાત અને દેશના વિકાસમાં મહત્વનો ફાળો રહયો છે તેમ જણાવ્યું હતું. તેઓએ બધા મહેમાનો વતી આવકાર અર્બન કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ. આવનારા સમયમાં વધુમાં વધુ સભાસદોની જરૂરિયાતો સંતોષી ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી આ કાર્યક્રમમાં સંસ્થાના




પ્રમુખશ્રી હરીભાઈ કથીરીયા, ઉપપ્રમુખશ્રી બાવચંદભાઈ નાવડીયા, મંત્રીશ્રી પ્રફુલભાઈ નાવડીયા, કમિટી સભ્યોશ્રી મહેશભાઈ સવાણી, આંબાભાઈ વધાસિયા, રમેશભાઈ ભુવા, ભરતભાઈ ગોળવીયા, હસમુખભાઈ પાવસીયા, કાનજીભાઈ માંગુકિયા, તુલશીભાઈ માંગુકિયા તથા વિવિધ અર્બન ક્રેડિટ સોસાયટીના આગેવાનો અને મહેમાનશ્રી ઓ ઉપસ્થિત રહયા હતા.

આભારવિધિ સંસ્થાના ડિરેકટરશ્રી ભરતભાઈ ગોળવીયાએ કરી હતી, અને કાર્યક્રમનું સંચાલન શ્રી જયસુખભાઈ ઝાલાવડીઆએ કર્યુ હતું. સદર કાર્યક્રમમાં સંસ્થાના 2000 થી વધુ સભાસદ ભાઈ-બહેનો તથા આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહયા હતાં.

**ટેક્નોક્રિએટ સહકારી.... પાના નંબર : 1નું અનુસંધાન**

મોડલ બાયલોઝ તૈયાર કરવામાં આવ્યા છે. જે મુજબ આખા દેશની લગભગ ૯૦,૦૦૦ જેટલી એગ્રીકલ્ચરલ મંડળીઓના એકસરખા બાયલોઝ સુધારી દેવામાં આવેલ છે. જે મુજબ હવે મંડળીઓ અનેકવિધ કામકાજ કરી શકશે. જે મુજબ એગ્રીકલ્ચરલ મંડળીઓ ખાતર, વિતરણ અને ધિરાણ ઉપરાંત વડાપ્રધાન જનઔષધિ કેન્દ્રો, પેટ્રોલપંપ કરી શકશે, ગેસની એજન્સીઓ લઈ શકશે, રેલ્વેની અને એર ટીકીટ પણ બુક કરી શકાશે અને જનસેવા કેન્દ્ર તરીકે કામ કરી શકશે. આમ ખેડૂત મંડળીઓ તમામ પ્રકારની કામગીરી કરી શકશે. આ તમામ પ્રકારની કામગીરીઓ કરી શકાય તે માટે ટ્રેઈનિંગની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. જેથી ગામડામાં સહકારી મંડળીઓના સભાસદોના આર્થિક - સામાજિક વિકાસ અને પ્રગતિ માટેનું તે સબળ માધ્યમ બની રહેશે.

વધુમાં સેવા સહકારી મંડળીઓના કોમ્પ્યુટરાઈઝેશન અંગે માહિતી આપતા શ્રી અમીને જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકાર દ્વારા રૂા.૨૫૦૦ કરોડનું બજેટ ફાળવી દરેક મંડળીઓને કોમ્પ્યુટરાઈઝ કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે જેથી મંડળીઓમાં પારદર્શક્તા આવે અને ઝડપી વહીવટ કરી શકાય. રાષ્ટ્ર લેવલે ૫૦,૦૦૦ જેટલી મંડળીઓનું કોમ્પ્યુટરાઈઝેશન પૂર્ણ થઈ ગયું છે તે પૈકી ગુજરાતમાં પણ આવી ૧૦,૦૦૦ મંડળીઓનું કોમ્પ્યુટરાઈઝેશનનું કામ તબક્કાવાર કરવામાં આવનાર છે. આમ ગામડામાં રહેલ નાનામાં નાના વ્યક્તિને સહકારી પ્રવૃત્તિમાંથી તમામ સુવિધાઓ મળી રહે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે અને તેમાં આપણે સૌએ જોડાઈને આ પ્રવૃત્તિને આગળ ધપાવવાની છે.

આ ઉપરાંત મલ્ટિસ્ટેટ કો-ઓપરેટિવ એક્ટ હેઠળ નોંધાયેલ ત્રણ એપેક્ષ સહકારી સંસ્થાઓની માહિતી આપતા શ્રી ઘનશ્યામભાઈ અમીને જણાવ્યું હતું કે, ખાસ કરીને ખેડૂતો માટે તેમના ઉત્પાદિત માલના વેચાણ માટેના જે પ્રશ્નો હતા તે માટે માન.સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહે ભારત સરકાર થકી રાષ્ટ્રિય કક્ષાએ ત્રણ નવી સહકારી ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરેલ છે. જેમાં (૧) નેશનલ કો-ઓપરેટિવ એકસપોર્ટ લિ. કે જે ખેડૂતોએ તેમના ઉત્પાદિત માલને સારૂ પેકિંગ કરી પરદેશ સુધી મોકલવાની જવાબદારી આ સંસ્થા કરી રહેલ છે. જેથી આપણે ખેત ઉત્પાદનને સારી રીતે પેકિંગ કરી ખેડૂતો આ સંસ્થા ધ્વારા એકસપોર્ટ કરી શકશે અને તેનું વધારેમાં વધારે વળતર ખેડૂતોને મળી રહેશે. તે જ રીતે બીજી નેશનલ કક્ષાની સહકારી સંસ્થા કે જે નેશનલ બીજ કો-ઓપરેટિવ લિ. રાષ્ટ્રિય કક્ષાએ ઉભી કરી તેમાં ખેડૂતોને સુધારેલ અને સર્ટિફાઈડ બીજ ઉત્પાદિત કરી તેનું વિતરણ કરવાની કામગીરી તથા અન્ય દેશોમાંથી સર્ટિફાઈડ બીજ મંગાવી ખેડૂતોને સારૂં બિયારણ મળી રહે તેવી કામગીરી હાથ ધરી રહેલ છે. જેના કારણે ખેડૂતોને સારૂં બિયારણ મળતાં તેનું વધારે ઉત્પાદન કરી ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો થઈ રહ્યાં છે.

આ જ પ્રકારે ત્રીજી નેશનલ કક્ષાની નેશનલ ઓર્ગેનિક સહકારી લિ.ની સ્થાપના કરી જે ખેડૂતો ઓર્ગેનિક ઉત્પાદન કરી રહ્યાં છે તેનું માર્કેટ તેઓને મળતું નથી. આથી નેશનલ કક્ષાની સંસ્થા ધ્વારા ખેડૂતોના ઓર્ગેનિક ઉત્પાદનને રાષ્ટ્રિય કક્ષાએ ઊંચા ભાવ અપાવી ખેડૂતોની આવક વધારવામાં ખૂબ મોટું યોગદાન આપવાની કામગીરી આ સંસ્થા કરી રહેલ છે.

શ્રી ઘનશ્યામભાઈ અમીને રાજ્ય સહકારી સંઘની કામગીરીનો વિગતે વિસ્તૃત ચિતાર રજૂ કર્યો હતો.અને મિલેટ્સ અંગે માહિતી આપી હતી. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મિલેટ્સનો પ્રચાર પ્રસાર થાય તે માટે સહકારી સંસ્થાઓને અપીલ કરી હતી. મંડળીઓના સભાસદો સુધી મિલેટ્સની જાણકારી પહોચાડવામાં આવે. તથા ખેડૂતોને પણ પુરતી સમજ આપવામાં આવે. મિલેટ્સમાં બાજરી, જુવાર, નાગલી, કોદરી, રાગી વગેરે ધાનનો સમાવેશ થાય છે. માનનીય વડાપ્રધાનશ્રીની દિર્ધદ્રષ્ટિ એ છે કે, આ મિલેટ્સ ઉગાડવા માટે ખેડૂતોને ફળદ્રુપ જમીનની જરૂર નથી, એટલે કે બીનઉપજાઉં જમીનમાં પણ થાય છે. દેશમાં ખેડૂતોની હજારો એકર જમીન બીનઉપજાઉં છે તેનો ઉપયોગ થઈ શકે છે. તથા ઓછા પાણી અને ઓછા ખાતરથી આ પાક તૈયાર થાય છે. તેથી ખેડૂતોને ખર્ચ ઓછો આવે છે. વળી તેમાં અનેક વિટામિન અને ફાઈબરની માત્રા વિશેષ રહેલી છે. તથા પચવામાં સરળ અને હલકા હોય છે, તેથી આરોગ્યની દૃષ્ટિએ આ ખોરાક વધુ ઉપયોગી છે. જ્યારે ઘઉં અને ચોખા જેવા પાકોને ઉગાડવા માટે ફળદ્રુપ જમીન, વધુ રાસાયણિક ખાતર અને પાણીની જરૂરિયાત રહે છે. આથી મિલેટસની ખેતી કરવાથી ખાતર અને પાણીની બચત થાય છે. જેનો ખેડૂતોને સીધો જ આર્થિક ફાયદો થાય છે.

કેન્દ્ર અને રાજ્ય સરકાર મિલેટ્સને પ્રાધાન્ય આપી રહી છે તેના ભાગરૂપે રાજ્ય સહકારી સંઘ દ્વારા સભાસદોને મિલેટ્સના ધાનનો અનુભવ થાય તે માટે ચાર ધાન (બાજરી, જવ, જુવાર અને રાગી) ના એક એક કિલોના લોટના પેકેટની કીટ અને રેસેપીની પુસ્તિકા તૈયાર કરી મહાનુભાવોના વરદહસ્તે સભાસદોને વિનામૂલ્યે વિતરણ કરેલ હતી.

સભામાં સૌ ઉપસ્થિતોને હૃદયના ઉમળકાથી આવકારી સ્વાગત કરતાં માનદમંત્રીશ્રી અરવિંદભાઈ તાગડિયાએ જણાવ્યું હતું કે ચેરમેનશ્રી અમીનના નેતૃત્વ હેઠળ રાજ્ય સહકારી સંઘ પ્રગતિ કરી રહ્યો છે. સંઘની સહકારી શિક્ષણ અને તાલીમની કામગીરીથી સહકારી મંડળીઓને અનેક પ્રકારના માહિતી - માર્ગદર્શન મળે છે.

રાજ્ય સહકારી સંઘના એક્ઝિક્યુટિવ ઓફિસર ડૉ. રાજેન્દ્ર ત્રિવેદીએ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લઈ થયેલ કામગીરી તથા આવક જાવકના અંદાજપત્ર, વાર્ષિક હિસાબો રજુ કરતાં સૌ સભાસદોએ મંજૂર કર્યા હતાં. આભારવિધિ સંઘના એક્ઝિક્યુટિવે કરી હતી.

**સહકારિતાને અર્થતંત્રનો.... પાના નંબર : 1નું અનુસંધાન**

આજે સહકારિતા આંદોલન ગ્રામીણ અને કૃષિ અર્થવ્યવસ્થા સહિત દેશમાં અનેક ક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યું છે. સહકારી પ્રવૃત્તિઓને મહત્તમ સહયોગ આપીને ગુજરાત અને ભારતને વધુ આર્થિક સમૃદ્ધ બનાવવા શ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિત સહકારી આગેવાનો-સભાસદોને સહભાગી થવા આહ્વાન કર્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે, આજે નાફેડ, ઇફકો, અમૂલ, ક્રિભકો જેવી વિવિધ સહકારી સંસ્થાઓ વિશ્વભરમાં પ્રસિદ્ધ થઇ રહી છે, પણ તેનાથી સંતોષ કરવાની જરૂર નથી. આવતા પાંચ વર્ષમાં ભારત દેશમાં સહકારિતાનો એટલો મજબૂત પાયો નાખીએ કે, આવતા 125 વર્ષ સુધી સહકારિતા દરેક ગામ અને ઘર સુધી પહોંચે. સરકારે સહકારિતાને પ્રોત્સાહન આપવા અનેક યોજનાઓ અમલમાં મૂકી છે.

સહકારિતાના માધ્યમથી ભારત સરકારે મકાઈની ખેતી કરતા ખેડૂતોની સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મકાઈના ખેડૂતોને તેમની ઉપજના યોગ્ય ભાવ મળે તે માટે કો-ઓપરેટિવ સંસ્થાઓના માધ્યમથી મકાઈની MSP એટલે કે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે અને તેમાંથી પેટ્રોલમાં મિશ્રણ માટે ઈથેનોલનું નિર્માણ કરવામાં આવશે. સાથે જ ભારત સરકારે નાફેડ અને કન્ઝ્યુમર કો-ઓપરેટિવના માધ્યમથી મુખ્ય ચાર દાળની પણ ટેકાના ભાવે ખરીદી કરવાનો નિર્ણય કર્યો છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી મોદીએ દેશના 30 કરોડ ગરીબોને ગરીબીમાંથી બહાર લાવીને સહકારથી સમૃદ્ધિના નારાને સાચા અર્થમાં સાર્થક કર્યો છે. છેલ્લા 10 વર્ષમાં દેશના જરૂરિયાતમંદ નાગરિકોને આવાસ, પાણી, વીજળી, ગેસ, અનાજ સહિતની જીવન જરૂરિયાતની વસ્તુઓ આપી પગભર બનાવ્યા છે. આગામી સમયમાં સહકારિતાના માધ્યમથી નાગરિકોને વધુ સમૃદ્ધ બનાવવાની વડાપ્રધાનની નેમ છે. તેમણે જણાવ્યું હતું કે, અમૂલના માધ્યમથી આશરે 35 લાખ જેટલી બહેનો આજે માત્ર 100 રૂપિયાના નજીવા રોકાણથી વાર્ષિક રૂ. 7000 કરોડનો વેપાર કરી રહી છે, જે સહકારિતાનું ઉત્તમ ઉદાહરણ છે. દેશમાં અંદાજે બે લાખ જેટલી પંચાયતો એવી છે, જે ગામોમાં દૂધ ડેરી અથવા પેક્સ નથી. ભારત સરકાર આગામી સમયમાં આ તમામ ગામો ખાતે મલ્ટીપર્પઝ પેક્સ તૈયાર કરશે. સહકારી કામમાં એક સૂત્રતા જળવાય તે હેતુથી પેક્સ માટે 'મોડેલ બાય લોઝ' તૈયાર કરવામાં આવ્યા છે. જેના માધ્યમથી ખેડૂતો, રેલવે ટિકિટ, પેટ્રોલ પંપ, સીએનજી પંપ જેવી અનેક નવી પ્રવૃત્તિઓ કરી શકે છે. આજે અંદાજે 48,000 જેટલા પેક્સ આ નવા આયામો સાથે જોડાયા છે. આ સિવાય રાષ્ટ્રીય કક્ષાએ ત્રણ નવી મલ્ટીસ્ટેટ કો-ઓપરેટિવ સોસાયટી તૈયાર કરી છે, તેની સાઈટ પર જઈને પેક્સ સાથે જોડાણ કરી શકાશે. નવીન બાય લોઝના પરિણામે વિવિધ પ્રવૃત્તિઓ માટે કો- ઓપરેટિવ બેંકો સભાસદોને વિવિધ લોન પણ આપી રહી છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈના ત્રીજીવારના પ્રધાનમંત્રી પદ તરીકેના કાર્યભારમાં વિકાસની ગતિ ત્રણ ગણી કરવાનો તેમનો સંકલ્પ છે. આ સંકલ્પમાં સૂર પુરાવતાં સહકાર ક્ષેત્ર પણ ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના દિશા-દર્શનમાં નવા કીર્તિમાન સ્થાપવા પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસની ઉજવણી 'કો- ઓપરેટીવ બિલ્ડ એ બેટર ફ્યુચર ફોર ઓલ' ના ધ્યેય સાથે થઈ રહી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે તો સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી સહકારી ક્ષેત્રે સર્વાંગી વિકાસની નવી દિશા દર્શાવી છે એમ પણ શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ પાછલા એક દશકમાં સહકારિતા ક્ષેત્રની જે કાયાપલટ પ્રથમ સહકાર મંત્રી અમિતભાઈ શાહના દ્રષ્ટિવંત નેતૃત્વમાં થઈ છે તેની પણ છણાવટ કરી હતી. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દેશભરમાં પ્રાથમિક સહકારી મંડળીઓના આર્થિક સશક્તિકરણના તેમજ સહકારી ક્ષેત્રને અદ્યતન ટેકનોલોજીયુક્ત બનાવવાના અનેક આયામો સફળ થયા છે. ગ્રામ પંચાયત સ્તર સુધી પેક્સ અને સહકારી મંડળીઓ કાર્યરત થઈ છે. ૯૩ હજાર જેટલા પેક્સ કેન્દ્રોનો ડિજિટલ ટેકનોલોજી સાથે મલ્ટીપર્પસ સર્વિસ સેન્ટર તરીકે વિકાસ કરવામાં આવ્યો છે.

સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ તેમજ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિતના મહાનુભાવોના હસ્તે ભારતના દિલ્હીમાં અમૂલના પહેલા ઓર્ગેનિક સ્ટોરનું વર્ચ્યુઅલ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સહકાર સાથે સંકળાયેલ ખેડૂતોને 'નેનો યુરિયા કીટ' પણ એનાયત કરી હતી તથા નેશનલ કો-ઓપરેટિવ ઓર્ગેનિક્સ લિમિટેડના "ભારત ઓર્ગેનિક આટા"નું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસના અવસર પર ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેનશ્રી શંકરભાઈ ચૌધરી, અમૂલના ચેરમેનશ્રી શામળભાઈ પટેલ, નાફેડના અધ્યક્ષ અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ આહીર, ક્રિભકોના ચેરમેન ડો. ચંદ્રપાલ સિંઘ યાદવ, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેનશ્રી અજયભાઈ પટેલ, ગુજકોમાસોલના ઉપાધ્યક્ષશ્રી બિપીનભાઈ પટેલ, ખેતી બેંકના અધ્યક્ષશ્રી ડોલરભાઈ કોટેચા, રાજ્યસભા સાંસદશ્રી નરહરિભાઈ અમીન, રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષશ્રી ઘનશ્યામભાઈ અમીન, ઇફકોના ડિરેક્ટર અને ધારાસભ્યશ્રી જયેશભાઈ રાદડિયા સહિત દેશભરમાંથી આવેલા સહકારિતા સાથે સંકળાયેલા સૌ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### સરકારે પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી નવી યોજના અમલમાં મૂકી

# પ્રાકૃતિક પધ્ધતિથી શાકભાજીની ખેતી કરતાં ખેડૂતોને પ્રતિ હેકટર રૂા.20 હજારની સહાય

ગાંધીનગર : દેશના નાગરિકોના સ્વાસ્થ્યની ચિંતા કરીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રાકૃતિક કૃષિને અપનાવવા આહવાન કર્યું છે. વડાપ્રધાનના આહવાનને હકારાત્મક પ્રતિસાદ આપતા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહિત કરતી વિવિધ પહેલો હાથ - ધરવામાં આવી રહી છે. કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલના માર્ગદર્શન હેઠળ કૃષિવિભાગે શાકભાજી પાકોમાં પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવવા ખેડૂતોને પ્રોત્સાહન મળે, તેવા નેક આશયથી આ વર્ષે નવી યોજના અમલમાં મૂકી છે.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મૂકાયેલી નવી યોજનાની માહિતી આપતા કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, રાજ્યના દરેક નાગરિકોને રાસાયણિક ખાતર તેમજ જંતુનાશક દવાના ઉપયોગ કર્યા વિના ઉત્પાદિત કરેલા શાકભાજી પાકો સરળતાથી મળી રહે તે માટે 'શાકભાજી પાકોમાં પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન આપવાની યોજના' અમલમાં મૂકવામાં આવી છે.

આ યોજના હેઠળ શાકભાજીની ખેતી પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી કરતા હોય તેવા ખેડૂતોને બિયારણ, પ્રાકૃતિક



ઈનપુટ ખેતી ખર્ચ તથા શાકભાજીની પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે મહત્તમ રૂા.20,000 પ્રતિ હેક્ટર સહાય આપવામાં આવશે.

આ યોજનાના અમલીકરણ માટે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં રૂ.1000 લાખની રકમ ફાળવામાં આવી છે. મંત્રીએ કહ્યું હતું કે, આજના સમયમાં રસાયણમુકત અને પ્રાકૃતિક ઉપજની માંગ સતત વધી રહી છે. ખાસ કરીને પ્રાકૃતિક પધ્ધતિથી ઉત્પાદિત કરેલી શાકભાજીની માંગ પણ વધી છે.

વધી રહેલી માંગને પહોંચી વળવા વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક પધ્ધતિથી શાકભાજી પકવે તે ખૂબ જ જરૂરી છે. રાજ્યના વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવવા પ્રોત્સાહિત થાય તે માટે ખેડૂતોને આર્થિક સહાય પૂરી પાડવા રાજ્ય સરકારે નવી યોજના મંજૂર કરી છે.

### રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ 18મી લોકસભાના સંબોધનમાં કરેલી જાહેરાત

# આયુષ્માન યોજના હેઠળ 70 વર્ષથી વધુ વયના તમામને મફત સારવાર

નવી દિલ્હી : રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદી મુર્મુએ 18મી લોકસભાને સંબોધિત કરતા દેશના વડીલો માટે મહત્વના સમાચાર આપ્યા છે. ગુરુવારે, તેમણે કહ્યું હતું કે આયુષ્માન યોજના હેઠળ 70 વર્ષની વય વટાવી ચૂકેલા તમામ વૃદ્ધોને મફત સારવારનો લાભ આપવામાં આવશે.

રાષ્ટ્રપતિશ્રી મુર્મુએ ગુરુવારે સંસદ ભવનમાં કહ્યું હતું કે, નવી સરકારમાં અમે 70 વર્ષથી વધુ ઉંમરના તમામ લોકોને આયુષ્માનનો લાભ આપી રહ્યા છીએ. એટલું જ નહીં, સરકાર ખેડૂતો માટે સતત કામ કરી રહી છે, 20 હજાર કરોડ રૂપિયા ખેડૂતો માટે ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ નિર્ણયથી અમે ખેડૂતોને વધુ આત્મનિર્ભર બનાવ્યા છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ 70 વર્ષ કે તેથી વધુ વયના વૃદ્ધોનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'વૃદ્ધોની સૌથી મોટી ચિંતા એ છે કે તેઓ તેમના રોગોની સારવાર કેવી રીતે કરાવશે. મધ્યમ વર્ગ માટે આ ચિંતા વધુ ગંભીર છે. અમે સંકલ્પ કર્યો છે કે 70 વર્ષથી વધુ ઉંમરના દરેક વ્યક્તિને આયુષ્માન ભારત યોજના હેઠળ લાવવામાં આવશે.

અમે વૃદ્ધોને આવરી લેવા અને તેમને મફ્ત અને સારી ગુણવત્તાની આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે આયુષ્માન ભારત યોજનાનો વિસ્તાર કરીશું. નાણાકીય વર્ષ 2019ના બજેટ દરમિયાન તત્કાલિન નાણામંત્રી અરુણ જેટલી દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી હતી. તેને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના પણ કહેવામાં આવે છે, જે હેઠળ હાલમાં 5 લાખ રૂપિયાનું કવર ઉપલબ્ધ છે. આ દરમિયાન રાષ્ટ્રપતિશ્રી મુર્મુએ 'MY youth Bharat'નો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની ભાગીદારી વધારવા માટે સરકારે મારો યુવા ભારત - 'MY youth Bharat' અભિયાન શરૂ કર્યું છે.

# રાજ્યની બજાર સમિતિઓમાં થતા નાણાંકીય વ્યવહારો જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો મારફત કરવા બાબત

સમયમર્યાદા

ક્રમાંકઃ નબસ/01/થ/ઓ.એસ./7622024 નિયામક, ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર,
બ્લોક નં.13/2, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર. તા.8/07/2024

**પરિપત્ર**

**વિષય : રાજ્યની બજાર સમિતિઓમાં થતા નાણાંકીય વ્યવહારો જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો મારફત કરવા બાબત**

દેશમાં સહકાર સે સમૃધ્ધિ' ના વિચારને ચરિતાર્થ કરવા અને ભારત સરકારશ્રી દ્વારા અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવેલ છે અને તેના ભાગરૂપે સહકારી સંસ્થાઓની આર્થિક સમૃધ્ધિ માટે સહકારી સંસ્થાઓ તથા તેના સભાસદોના ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ખોલવાની પહેલ પણ શરૂ કરવામાં આવેલ છે. જેને કારણે સહકારી સંસ્થાઓ આર્થિક રીતે સક્ષમ થશે અને "સહકાર સે સમૃધ્ધિ'ની દિશામાં સહકારી સંસ્થાઓ કદમ મિલાવતી થશે.

રાજ્યની બજાર સમિતિઓ પણ આ ભગીરથ કાર્યમાં યોગદાન આપી શકે તે માટે બજાર સમિતિઓ, બજાર સમિતિના કર્મચારીઓ અને બજાર સમિતિમાં વેપાર કરતા વેપારીઓ, કમીશન એજન્ટોના ખાતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોમાં ખોલવામાં આવે અને નાણાંકીય વ્યવહારો કરવામાં આવે તો બજાર સમિતિઓ પણ 'સહકાર સે સમૃધ્ધિ' ની દિશામાં પોતાનું યોગદાન આપી શકે તેવા ઉમદા હેતુથી નીચે જણાવેલ કાર્યપધ્ધતિનો અમલ સત્વરે હાથ ધરવા રાજ્યની તમામ બજાર સમિતિઓને અનુરોધ કરવામાં આવે છે.

(1) રાજ્યની તમામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓ તેમના કાર્યમથકની જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક (DCCB) સાથે સંકલન કરી બેઠકો બોલાવવામાં આવે તથા બજાર સમિતિઓના વેપારીઓ / કમીશન એજન્ટો તથા તેના કર્મચારીઓના ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં ખોલાવવા માટે સમજૂતી કરવામાં આવે.

